ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૩૦/૧૯-૨૦/ ૨૭૮૧ તારીખ : 19 JUL 2019

કેસ ન. ૩૦ /૧૯-૨૦.

પ્રતિશ્રી,
કમલેશ ધોળકિયા,
કે/ઓ રાજેશ લંગાળીયા,
એફ-૧૦૧, ચંપા રેસીડેન્સી, રૂપાણી,
ભાવનગર – ૩૬૪ ૦૦૧.
મો : ૯૪૨૮૧ ૧૨૩૦૦.

**વિષય :આપની ઘર વપરાશના કનેક્શન જમા કરાવવા બાબતની રજૂઆત અંગે.**

સંદર્ભ :૧) આપનો ઈ-મેઈલ પત્ર તા. ૧૫.૦૫.૧૯.
૨) અત્રેની કચેરીનો પત્ર ન. ૨૬૧૦ તા. ૦૮.૦૭.૧૯.
૩) આપનો ઈ-મેઈલ તા. ૧૦.૦૭.૧૯ અને ૧૮.૦૭.૧૯.

માનનીય શ્રી,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

(એમ.પી.સોલંકી)
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

બિડાણ:– ઉપર મુજબ.

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **શહેર ભાવનગર.**

*........ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**

૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, ભાવનગર.
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **ખારગેટ.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievances Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પી.જી.વી.સી.એલ, ઝોનલ કચેરી,
ભાવનગર.

## ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ કેસ નં.30/૧૯-૨૦ નો હુકમ

વાદી ની તા.૨૭.૦૫.૧૯ ની રજૂઆત અન્વયે તેમની ફરિયાદનું નિવારણ કરવા જણાવવામાં આવેલ. વાદી **શ્રી કમલેશ ધોળકિયા, મુ. રૂપાણી,ભાવનગર** દ્વારા તેમના ઘર વપરાશના કનેક્શન જમા કરાવવા બાબતની રજૂઆત અંગે બાબત ને લઇને તકરાર ઉભી થતા રજૂઆત કરેલ. જેની ફોરમ દ્વારા પત્ર અત્રેની કચેરીનો પત્ર નં ઝેડ/ફોરમ/૨૬/૧૯-૨૦/ ૨૧૬૪ તા.૧૨.૦૬.૧૯. થી પ્રતિવાદીની કચેરીને યોગ્ય કરવા જાણ કરવમાં આવેલ.

વાદીની સદર ફરિયાદના અનુસંધાને ફરિયાદને ધ્યાને લઇ પ્રતિવાદીની ખારગેટ પેટા વિભાગીય કચેરીના નાયબ ઈજનેર દ્વારા અરજદારની વીજ **કનેક્શન** પીડીસી કરવા માટે પડતી અગવડતા ને અંગેની જરૂરી કાર્યવાહી કરી આપેલ છે. આમ, વાદીની ફરિયાદનું સંતોષકારક રીતે નિરાકરણ કરવમાં આવેલ છે

આમ, પ્રતિવાદી દ્વારા કરવમાં આવેલ કાર્યવાહી તથા વાદી દ્વારા તેમના ઈ-મેઈલ પત્ર તા. ૧૦.૦૭.૧૯ અને ૧૮.૦૭.૧૯ થી તથા પ્રતિવાદી દ્વારા તેમના પત્ર ન. ૩૬૩૫ તા. ૧૮૭.૦૭.૧૯ થી પણ ફોરમને જણાવેલ છે કે તેઓની ફરિયાદનો સંતોષકારક નિકાલ થયેલ છે અને સુખદ નિરાકરણ કરવામાં આવેલ છે. અને હવે વાદીને કોઈ ફરિયાદ રહેતી નથી, આમ, હવે કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ તે મુજબ વાદીની સદર ફરિયાદનો નિકાલ કરવામાં આવેલ છે.

આમ છતાં વાદીને સદર હુકમ સામે વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ-30 માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં 3, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

(બી. જે. દવે)
**સ્વતંત્ર સભ્યશ્રી**

(પી. એન. આજ્કીયા)
**ટેકનીકલ સભ્યશ્રી**

(એમ. આર. વજરીયા)
**અધ્યક્ષશ્રી,**
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

તારીખ : ૧૯.૦૭.૧૯

Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.